
૧૯-૩૯
1600079



શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા પુસ્તક ૩૫ મું સંપાદકો ગિજુભાઈ અને તારાબેન

ડીસેમ્બર • ૧૯૪૮ ] ☆ [ કિંમત [redacted]

: પ્રકાશક :
ચચરતલાલ ર. શેઠ
શ્રી વિરાટ પ્રકાશન મંદિર
સોનગઢ · (કાઠિયાવાડ)

: મુદ્રક :
રેવાશંકર હરિશંકર જાની
શ્રી આત્મલક્ષ્મી પ્રિ. પ્રેસ
સોનગઢ · (કાઠિયાવાડ)

* * *

બાલસાહિત્યમાળાનાં
૯૦ પુસ્તકો

*

દરેકની કિંમત ચાર આના
ટપાલ ખર્ચ જુદું

કુલ નકલ ૯૪૦૫

| | | |
|---|---|---|
| પહેલી આવૃત્તિ | બીજી આવૃત્તિ | તૃતીય મુદ્રણ |
| ચાર મુદ્રણો | બે મુદ્રણો | ૧૧૫૦ નકલો |
| કુલ ૪૯૦૫ | ૩૩૫૦ નકલો | ૩૦ : ૧૧ : ૪૮ |

નં. ૧૩૧

# ગા મ માં

: ૧ :

"કેમ ગિજુભાઈ! આ મંડળીને લઈને ક્યાં ઊપડ્યા!"

"એ તો આજે રવિવાર છે એટલે બાળકોને ગામ દેખાડવા લઈ જઈએ છીએ. રવિવારે કાં તો અમે બહાર ફરવા જઈએ, કાં તો સાફસૂફ કરીએ ને કાં તો નાટક કરીએ."

"આજે તારાબેન નથી શું?"

"તારાબેન નાની મંડળી લઈને નીકળ્યાં છે. હમણાં ઘણાં બાળકો છે તેથી બે મંડળી કરીને નીકળવું પડે છે."

"મોંઘીબેન ક્યાં છે?"

"તારાબેનની સાથે છે."

"હમણાં રણછોડજી નથી દેખાતા? પહેલાં તો એ નીકળતા."

"હા, હમણાં રણછોડજી મુંબઈ છે. ત્યાં ઘાટકોપરમાં બાલમંદિર ચલાવે છે."

ઠીક ઠીક, ઊપડો ત્યારે. લ્યો, જય જય!"

"એ જય જય! આવજો, આવજો; બાલમંદિરે આવજો."

"એ ઠીક."

: ૨ :

"ગિજુભાઈ કહે: "પહેલાં ક્યાં જવાનું છે?"

"પહેલાં તો આપણે પુસ્તકાલય જોઈએ; ત્યાંથી જઈએ વોરાબજારમાં; વોરાબજારથી શાકપીઠમાં ને શાકપીઠથી સ્ટેશનનો રસ્તો."

"ઠીક, ચાલો ત્યારે. બધાં બાળકોને એકઠાં કરો. પહેલાં તેમને કેટલીએક સૂચનાઓ આપી દઉં."

"જુઓ, આજે આપણે ગામ જોવા નીકળ્યાં છીએ. હું તમને કેટલીએક વાત કહું છું. પહેલી વાત એ કે જ્યાં ત્યાં વગર પૂછ્યે પેસી જવું નહિ. ક્યાં જઈ શકાશે અને ક્યાં નહિ તે હું તમને જણાવીશ. બીજી વાત એ કે જ્યાં ત્યાં વગર રજાએ અડવું નહિ. આપણે બધું નિરાંતે જોઈએ, પણ જે તે ચીજને અડીએ નહિ. ત્રીજી વાત એ કે હમેશ આપણે ધીમેથી બોલીને કામકાજ કરીએ છીએ તેમ જ ધીમેથી વાતો કરવી. જોવા ગયાં હોઈએ ત્યાં ઘોંઘાટ હોય તોપણ આપણે તો ધીરે ધીરે વાત ચલાવવી. છેલ્લી વાત એ કે સીટી વાગે એટલે જોવાનું પૂરું કરી બહાર આવી જવું."

સૂચના અપાઈ ગઈ ને બાળકોની ગિનતી થઈ. પછી પુસ્તકાલય તરફ ઊપડ્યાં.

પુસ્તકાલયમાં કેટલા બધા કબાટો હતા! કબાટો ઉપર ચિઠ્ઠીઓ ચોડેલી હતી: 'વાર્તાઓ' 'ઇતિહાસ', 'પ્રવાસ', 'રાજકારણ' વગેરે.

રસ કહે: "ગિજુભાઈ! આ વાર્તા લખેલું

ગિનતી=ગણતરી

છે; એમાં બધી વાર્તાઓ હશે ખરું? ને આ ઇતિહાસમાં ઇતિહાસની ચોપડીઓ હશે?"

"હા, એમ જ. આપણા બાલમંદિરમાં આપણે કબૂતરખાનામાં એકએક ખાનામાં એક-એક જાતની ચોપડીઓ મૂકી છે, એમ જ અહીં એકએક કબાટમાં મૂકી છે."

ચંદુ કહે: "બાલમંદિરનું પુસ્તકાલય નાનું છે; આ મોટું બધું પુસ્તકાલય આખા ગામને થાય એવડું છે."

પુસ્તકાલયમાં જ વાચનાલય હતું. જુદાં જુદાં ટેબલો પર પત્રો પડ્યાં હતાં. એક ઉપર ગુજરાતી માસિકો હતાં; બીજા ઉપર અંગ્રેજી માસિકો, ત્રીજા ઉપર રોજિંદાં છાપાંઓ, ને ચોથા ઉપર અઠવાડિકો હતાં. એકબે જણાં શાંતિથી બેઠાં બેઠાં વાંચતાં હતાં.

લલ્લુ અને મોહને બાલમિત્ર અને બાલજીવન માસિકો શોધી કાઢ્યાં ને તેઓ વાંચવા બેસી ગયા.

દેવચંદ અને રવજી 'ગુજરાતી' 'હિંદુ-

રોજિંદું=રોજરોજનું.

સ્તાન' 'સાંજ વર્તમાન' વગેરે છાપાંઓના મોટા અક્ષરો હળવે હળવે ઉકેલવામાં રોકાયા. શામજી અને વેણીલાલ પુસ્તકાલયમાં ટાંગેલા ફોટાઓ જોવા લાગ્યા.

કુસુમ અને ચંપાની સાથે એક ખુરશીએ બેસી હું વાતો કરતો હતો.

બધાં જોઈ રહ્યાં એટલે અમે બહાર નીકળ્યાં.

: ૩ :

વોરાબજારમાં જઈને ઊભાં ત્યાં તો એકલી વોરાઓની જ દુકાનો. દુકાને દુકાને દાઢીવાળા વોરાઓ ને મહીં કેટલોય સામાન ભરેલો. એક વોરાની દુકાનમાં એકલી બંગડી જ બંગડી! જાતજાતની બંગડી; હજારો બંગડી.

વોરાજી કહે: "કેમ માસ્તર! છોકરીઓને બંગડી પહેરાવશો કે?"

મેં કહ્યું: "નહિ વોરાજી! આ તો સૌને તમારી દુકાન જોવા લાવ્યાં છીએ."

વોરાજી કહે: "ત્યારે આવો ને? આ દુકાન ચડી; બતાવો બધાંને."

વોરાજીએ નવી નવી જાતની બંગડીઓ બતાવી, ને છોકરાંઓ બધાં તેના રંગો જોઈ જોઈને બોલ્યાં: "આ તો ભૂરી છે; આ તો જાંબલી છે; અરે આ તો રેશમી છે; ને આ તો પીળી ને આ લીલી છે."

બીજી જ દુકાને જાતજાતનાં મોતી હતાં; કેટલીયે જાતનાં. પીળાં, લીલાં, જાંબલી, બદામી, ધોળાં કાળાં: ઘણાં બધાં.

છોકરાં કહે: "ગિજુભાઈ! આપણે આવાં મોતી લાવો ને? પરોવીને હારડીઓ કરશું."

વોરાજી બહુ ભલા હતા. તે કહે: "અરે થોડાંએક મોતીમાં પૈસા શું લેવા'તા? લ્યો, આટલાં તો એમ ને એમ લઈ જાઓ. બાલમંદિરના પૈસા ન લેવાય."

વોરાજીએ હેત કરીને મોતી આપ્યાં એટલે લેવાં પડ્યાં.

પાસે જ એક રમકડાંવાળા વોરાની દુકાન હતી. છોકરાં બધાં રમકડાં જેવા ઊભાં રહ્યાં. વોરાજી જરા લહેરી હતા. સૌને કેટલીયે જાતનાં

રમકડાં બતાવ્યાં: અદ્ધર ઊડે એવો વાંદરો ને ડોકાં હલાવતાં બિલાડાં ને પાણીમાં તરે એવી માછલી ને એવું એવું. વોરાજી તો દુકાનનું કામ ભૂલી ગયા ને બેઠા છોકરાંઓને રમાડવા. અમને ગાદી પર બેસાડ્યા ને સોપારીનો ભૂકો કરી આપ્યો.

વોરાજી કહે: "મારે એક દીકરી છે. બાલમંદિરમાં રાખશો?" પાસે જે શીરીન-બાઈ બેઠી હતી તેને બતાવીને કહે: "આ દીકરી."

મેં કહ્યું: "ભલે; છે તો બરાબર લાયક. કાલથી મોકલો."

વોરાજી ખૂબ રાજી થયા. વોરાજી કહે: "લ્યો, થોડાંએક રમકડાં લેતા જાઓ."

મેં કહ્યું: "ના ના; એવાં રમકડાં બાલ-મંદિરમાં નથી રાખતા. અમારે ત્યાં જરા જુદી જાતનાં રમકડાં છે."

છોકરાં કહે: "ગિજુભાઈ! ચાલો ને પેલી હાસમની દુકાને? ત્યાં ચારેકોર ચીતર ટાંગેલાં

અદ્ધર=ઊંચે.

છે. ત્યાં ફોનોગ્રાફ વાગે છે. ત્યાં સિંહ ને વાઘ ને જિરાફનાં ડોકાં હલે છે. પેલો ઘડિયાળવાળો છે ત્યાં ચાલો."

અમે બધાં ત્યાં ગયાં ને દુકાન ઘેરીને ઊભા રહ્યાં. કેટલી યે જાતનાં ઘડિયાળો ટાંગ્યાં હતાં. હાસમ એક આંખ બંધ કરી બીજી આંખ પર કાચ ચડાવી ઘડિયાળ જોતો હતો ને સાફ કરતો હતો.

વાઘ ને સિંહ ને જિરાફનાં ડોકાં એવાં હલતાં હતાં કે જાણે જીવતાં હોય! સીટી મારી પણ કોઈ બાળક ખસે તો કે? એ તો જોવામાં ને જોવામાં નિયમ પણ ભૂલી ગયાં. આખરે તો બાળકો ખરાં ને!

:૪:

પણ પછી તો ત્યાંથી ચાલ્યાં ને આવ્યાં જેચંદ કાપડિયાની દુકાને. જેચંદભાઈ કહે: "આ શું ઊપડ્યા?"

મેં કહ્યું: "આજ બાલમંદિરને ગામ બતાવવા નીકળ્યા છીએ. આ તમારી કાપડની

દુકાન તો બતાવો?"

"એમાં શું જોવાનું છે?"

મેં કહ્યું: "એમાં યે બાળકોને તો જોવાનું છે. કપડાં કોણ વેચે છે, કેવાં કેવાં રાખે છે, કેમ વેચે છે, એ બધું જાણવા જેવું જ તો!"

જેચંદભાઈએ સૌને દુકાનમાં બેસાર્યાં, ત્યાં તો બે જણ ઘરાક આવ્યાં ને કહે: "લાવો માદરપાટ." માદરપાટના તાકા આવ્યા. બીજો જણ કહે: "ઘાઘરાપાટ કાઢો ને?" ત્યાં ત્રીજો કહે: "કોટના બરનું લૂગડું જોઈએ." ચોથો કહે: "શુદ્ધ ખાદી હોય તો કાઢો."

જેચંદભાઈ કહે: "શુદ્ધ ખાદી માટે જગુભાઈને ત્યાં જાઓ. હમણાં તો મારી પાસે કોઈ જાત નથી.

છોકરાંઓ આ બધું જોઈ રહ્યાં. તેમને ગમ્મત પડતી લાગી. પછી બધાંને જાતજાતનાં વિલાયતી કપડાં બતાવ્યા.

છોકરાં કહે: "આ તો જાતજાતનાં ને

બરનું=લાયકનું

ભાતભાતનાં કપડાં છે."

લીલુબેન કહે: "આની કોર તો ચીતરવા જેવી છે!"

વસંત કહે: "કાલે હું આવું ફૂલ કાઢીશ."

ચંપક કહે: "આ રંગ આપણને બહુ ગમ્યો. આપણે આવો રંગ કરવો છે. કાલે વૉટર કલરમાંથી કરશું."

છોકરાં તો સાડલાની ભાતો જોઈને ખુશી ખુશી થઈ ગયાં. મૂળજી ને ભગવાનલાલ તો હાથ અડાડી અડાડીને લૂગડાં જુએ. "ઓહો, આ તો સુંવાળું છે; આ ખડબચડું છે; આ તો બરાબર નથી; આ મેજાનું છે."

દયાબેન કહે: "ચાલો તો ગિજુભાઈ ખાદીવાળાની દુકાને? કેવી ખાદી મળે છે તે જોઈએ."

બધાં ખાદીવાળાને ત્યાં આવ્યાં. જગુભાઈ તો મારો જૂનો ભાઈબંધ. અમે સાથે ભણતા હતા. એણે બધાં છોકરાંઓને બેસાર્યાં ને પછી ખાદીના સુંદર નમૂના બતાવ્યા.

સુશીલા કહે: "ત્યારે તો આપણે ખાદી જ પહેરવી. આવી સરસ તો આવે છે!"

કુસુમબેન કહે: "આપણે તો પહેરીએ જ છીએ. મારા કાકા મુંબઈથી આથી યે સારા નમૂના લાવેલા છે."

બાબી કહે: "અમે તો મુંબઈમાંથી ખાદીભંડારમાંથી જ ખાદી ખરીદીએ છીએ. જુઓ, આ ઘાઘરીપોલકું ત્યાંની ખાદીનું."

જગુભાઈ કહે: "મુંબઈમાં ખાદી સુંદર મળે છે. ને મુંબઈના લોકો તેના પૈસા પણ ખરચી શકે છે."

રમણિક કહે: "ગિજુભાઈ! મને તરસ લાગી છે."

જગુભાઈએ સૌને માટે પાણી મંગાવ્યું. સૌએ પાણી પીધું ને અમે શાકપીઠ જોવા ઊપડ્યાં.

: ૫ :

શાકપીઠમાં ભારે ગડબડ હતી. મોટો ઘોંઘાટ. રંસિલાએ તો કાનમાં આંગળી નાખી:

"ઓ બાપ રે! કાને ફૂટી જશે." કાછિયા ઘાંટા પાડતા હતા: "પૈસાની સવાશેર દૂધી, પૈસાની સવાશેર!" "લઈ જાઓ; એક પૈસાનાં એક શેર; સસ્તાં કર્યાં છે; ભીંડા ને કારેલાં: એક પૈસાનાં એક શેર!" ત્રીજો કાછિયો મરચાં વેચતો હતો. "મરચાં, ભોલર મરચાં; એક આને શેર, એક આને શેર!"

રાધા કહે: "ગિજુભાઈ! ઊભા રહો ને? આમાં હું ખોવાઈ જઈશ."

મેં હરજીવનભાઈને કહ્યું: "હરજીવનભાઈ! જોજો, કોઈ ગાયને શિંગડે ન આવે."

અમે તો શાકપીઠમાં ગયાં. એક દુકાને એકલી સૂરણની ગાંઠો. સૂરણનો જાણે ઢગલો!

રેવુ કહે: "આટલું બધું સૂરણ!"

કાકુ કહે: "ગિજુભાઈ! આ શું? કાંટા કાંટા જેવું?"

હરજીવનભાઈ કહે: "એ તો કંટોલાં."

દાદુ કહે: "હેં! જોઉં એ કેવાં હશે!"

માધુ કહે: "એ પણ ચીભડાં વેચાય.

બાલુ તો ચીભડાં રોજ લાવે છે, ને અમને ખવરાવે છે."

ભગવાન કાછિયો સામે મળ્યો. કહે: "કાં ગિજુભાઈ! આજ તો બાલમંદિરને આણ્યું લાગે છે! કેમ કાંઈ લેવું કારવવું છે!"

"તમે કહો તે લઈએ. આ છોકરાંને કંઈક ગમે એવું લઈએ."

ભગવાન કહે: "મકાઈના ડોડા લઈએ. હમણાં બહુ સારા આવે છે. અલ્યા શેકવાવાળા પાસે શેકાવી લેશું."

મેં કહ્યું: "ઠીક ત્યારે, વીશ ડોડા ખરીદો."

ભગવાન સરસ મજાના ડોડા લાવ્યો ને શેકાવી લીધા.

અમે તો બધાં મારકીટની એક બાજુએ બેઠાં ને વાંદરા જેમ માંડયા ડોડા ખાવા.

છોકરાંઓ કહે: "એક ડોડો ભગવાનભાઈને આપો."

ભગવાન કહે: "હવે હું તો રોજ ખાઉં છું. તમે ખાઓને?"

ટીકુ કહે: " ગિજુભાઈ! આ જ ભગવાન-ભાઈ? આપણે રોજ જેમને ચિઠ્ઠી લખીએ છીએ તે જ ને?"

બાબી કહે: " એ જ; આપણી બોર્ડિંગમાં રોજ રોજ ટોપલા ભરી શાક મોકલાવે છે."

બબુ કહે: " હું તો ભગવાનભાઈને કેટલા ય દિવસથી ઓળખું છું, કેમ ભગવાનભાઈ?"

કુલીન કહે: " ચાલો ને ગિજુભાઈ! આપણે પેલી સામી દુકાન જોઈએ. ત્યાં ગરિયા ને ચકરડીઓ કરતા લાગે છે."

: ૬ :

અમે ત્યાં ઊપડ્યાં. ત્યાં તો સાથે સાથે બેચાર દુકાનો હતી. એકમાં એક જણ પાયા ઉતારતો હતો; બીજીમાં ગરિયા ઊતરતા હતા; ત્રીજીમાં ચકરડીઓ ઊતરતી હતી; ચોથીમાં વેલણ થતાં હતાં. છોકરાં તો જ્યાં આવ્યું ત્યાં ઊભાં રહ્યાં. છુર છુર છોલ ઊતરતો હતો ને લાકડું ગોળ ગોળ થતું હતું.

મેના કહે: " ઓહો. આ તો ભારે લાગે

છે! આમ લોઢું હલાવે છે ત્યાં તો ચકરડી ગોળ ગોળ થઈ જાય છે, ને આમ વાંકું રાખે છે ત્યાં તો અણી નીકળે છે!"

જીવી દોડતી આવીને કહે: "ગિજુભાઈ! આપણા બાલમંદિર માટે થોડીક ચકરડીઓ લ્યો ને?"

મૂળજી કહે: બેચાર ગરિયા પણ."

હરજીવનભાઈ કહે: "ગિજુભાઈ! આપણે બેચાર વેલણ અને પાટલી પણ લઈ લઈએ; રસોડા વિભાગમાં જોઈએ છે."

બધું ખરીદ્યું ને આગળ ચાલ્યાં.

:૭:

રસ્તે એક રેવડી બનાવવાવાળાની દુકાન દેખાઈ.

હરજીવનભાઈ કહે: "જુઓ, પેલી દુકાને રેવડી થાય છે."

બધાં ત્યાં દોડી ગયાં. રેવડીવાળો ધોળા ધોળા મેંદાને ખેંચી ખેંચીને એના લાંબા તાર કાઢતો હતો; ને એક બીજો જણ એની

લાકડી કરીને કટકા કાપતો હતો.

વિશુ કહે: "આમાંથી રેવડી કેમ થતી હશે?"

હરજીવનભાઈ કહે: "જુઓ, આ કટકા છે એને તલના તાવડામાં નાખશે એટલે એને તલ ચોટી જશે; પછી દબાઈ દબાઈને એની રેવડી થશે."

વિમળ કહે: "બબુ! આવી રેવડી તે કોને ભાવે? આ તો બધું ગંદુ ગંદુ છે. હક્કૂ!"

બબુ કહે: "ત્યારે જીકાકા રોજ કહે છે કે રેવડી ન ખાવી. એ તો ગંદી છે; એમાં મેલ આવે ને એના પર માખીઓ બેસે."

કંચનબેન કહે: "અમારા વલ્લભભાઈ પણ એમ જ કહેતા હતા. અમારે ત્યાં કોઈ રેવડી ખાય જ નહિ. બાલમંદિરમાં આણી હોય તો યે અમને ખાવાની ના પાડી છે."

ગિજુભાઈ કહે: "તે બાલમંદિરમાં હવે ક્યાં આવે છે? આપણે બજારનું લાવવાનું જ બંધ કર્યું છે ને?"

હરજીવનભાઈ કહે: "ચાલો; હવે ક્યાં જઈશું ?"

ગિજુભાઈ કહે: "કેમ એ ટાબરિયાં ! હવે શું જોવું છે ? સુતારની કોડ કે છબી પાડવા-વાળો ફોટોગ્રાફર ?"

"ગિજુભાઈ! અમારે બંને જોવાં છે; બંને બતાવો."

:૮:

સુતાર અમારો ઓળખીતો હતો. રસ્તા પર જ એની દુકાન હતી. દુકાન મોટી હતી. અંદર ખુરશી, ટેબલ, કબાટ ને એવું એવું બધું બનતું હતું.

છોકરાં બધાં મંડ્યાં જોવા. હરજીવન-ભાઈએ બધું બતાવ્યું. "આ રંધો કહેવાય; આ કરવત, આ વાંસલો ને આ વીંધણું."

વલ્લભદાસ કહે: "અમારા બાપા સુતાર છે તે અમારે ત્યાં આ બધું છે."

અમૃતલાલ કહે: "મને રંધો ફેરવતાં ય આવડે છે."

---

ટાબરિયું=બાળક

ગિજુભાઈ કહે: "અમૃતલાલ! તમને કશું ઘડતાં આવડે?"

અમૃતલાલ કહે: "થોડું થોડું આવડે છે. મારા બાપા કહે છે કે હમણાં તું ભણ; પછી બધું શિખવાડીશ."

ત્યાં તો મારો ભાઈબંધ ભીમજી મિસ્ત્રી આવ્યો. કહે: "ઓહો, ગિજુભાઈ! બાલમંદિરને આણ્યું છે કે?"

પછી બધાં બાળકોને એ અંદરના ઓરડામાં લઈ ગયો ને સૌને તૈયાર ચીજો બતાવી. એક સુંદર એવો ઇસ્કોતરો બતાવ્યો. તેના ઉપર ઘણું નકશીકામ હતું એ કહે: "મારે એને પ્રદર્શનમાં મૂકવો છે."

ઇસ્કોતરામાં નાનાં નાનાં કેટલાં યે ખાનાં હતાં એમાં કાચ જડેલા હતા, ને દરેક ખાનું ઊઘડે ત્યારે ટોકરી વાગે એવું હતું. ઇસ્કોતરો સુંદર મજાનો હતો.

મિસ્ત્રી કહે: "આના દોઢસો રૂપિયા થાય."

છોકરાં કહે: "આના દોઢસો રૂપિયા? ઓ બાપ રે!"

:૯:

લક્ષ્મી કહે: "પેલી તારાબેનની મંડળી આવે. જુઓ, મોંઘીબેન મોઢા આગળ આવે છે. જુઓ, પેલો તુલસી થાક્યો છે તે પાછળ દેખાય છે. ને હલીમા તો જુઓ. એમ એમ ચાલતી આવે છે."

ગિજુભાઈ કહે: "ચાલો, સૌ એક-કતાર; ગિનતી."

તારાબેનની મંડળી આવી પહોંચી.

ગિજુભાઈ! નમસ્કાર."

બધાંએ મંડળીને નમસ્કાર કર્યા. હલીમા ગિજુભાઈને વળગી પડી.

ગિજુભાઈ કહે: "કાં હલીમા! ક્યાં જઈ આવ્યાં?"

હલીમા કહે: "અમે તો તલવાળાને ત્યાં ગયાં હતાં. તલવાળા અમને ઓળખે છે."

ગિજુભાઈ કહે: "એ તલવાળાને શું કહેવાય?"

હલીમા કહે: "કોણ જાણે."

કતાર=હાર.

બદ્રીનાથ કહે: "એ તો ઘાંચી કહેવાય."

નીલુ કહે: "ત્યાં તો એક બળદ ફરતો હતો; ગોળ ગોળ ફરતો હતો, ને તલ પિલાતા હતા ને તેલ નીકળતું હતું."

ગિજુભાઈ કહે: "પણ તેલ તમે ચાખ્યું?"

વસુમતી કહે: "હા હા, અમને તારાબેને સુંઘાડયું. અમને ખોળ પણ ખવરાવ્યો."

ગિજુભાઈ કહે: "કેવો લાગ્યો?"

જસુમતી કહે: "ગોળની સાથે સારો લાગ્યો. અમે તો ખાધો."

બલુભાઈ કહે: "ગિજુભાઈ! અમે મોચીની દુકાને ગયા હતા."

તારાબેન કહે: "આ લોકોને જાતજાતના જોડા જોવાની ભારે ગમ્મત આવી."

ગિજુભાઈ કહે: "ખરી વાત છે. આ મોટા લોકોને શાકપીઠમાં ફરવાની ગમ્મત આવી તો!"

મોંઘીબેન કહે: "દર અઠવાડિયે બાળકોને ગામ જોવા લઈ જવાં જોઈએ. ગામમાં એ

લોકો ઘણું જુએ છે.”

ગિજુભાઈ કહે: “દર અઠવાડિયે તો નહિ પણ વચ્ચે વચ્ચે આ બાજુ ફરવા નીકળશું.”

તનસુખ કહે: “ગિજુભાઈ! કહું, કહું, મોચી આમ આમ જોડા શીવતો હતો, ને પગ આમ રાખ્યો હતો!”

ગિજુભાઈ કહે: “વારુ. પણ મોચીને ત્યાં કેવા જોડા હતા?”

નાનુભાઈ કહે: “કે...કે...કેવા? કેવા? મોટા મોટા બૂટ હતા, ચંપલ હતા, સલીફર હતા. મારી નાની બેન પહેરે છે એવા ધોળા ધોળા હતા ને તારાબેન પહેરે છે એવા પણ હતા—મોઢા આગળથી વાંકા વળેલા.”

હંસાબેન કહે: “પણ ત્યાં રબ્બરના બૂટ નહોતા. મારે તો રબ્બરના જોઈતા હતા.”

લીલુબેન કહે: “રબ્બરના તો વોરા વેચે. મેં વોરાબજારમાં ભાળ્યા’તા.”

ગિજુભાઈ કહે: “વારું. પણ બીજે ક્યાં જઈ આવ્યાં?”

તનસુખ કહે: "બીજે? બીજે અમે મંદિરે ગ્યાં'તાં. પેલા તળાવની વચ્ચે છે ત્યાં."

હરજીવનભાઈ કહે: "ઓહો, ત્યારે ગંગામાતાએ ગયા હતા, ખરું?"

તારાબેન કહે: "ગિજુભાઈ! મંદિરમાં કોતરણી બહુ સુંદર છે. નાનાં બાળકો પણ એ જોઈ જ રહ્યાં!"

મોંઘીબેન કહે: "આરસ ઉપર બાળકો તો એવાં લપસવા લાગ્યાં કે કેમે કરીને ત્યાંથી નીકળે જ નહિ!"

ગિજુભાઈ કહે: "તખ્તેશ્વર જઈએ છીએ ત્યારે પણ એમ જ થાય છે ને!"

દેવી કહે: "તારાબેન, તારાબેન! ત્યાં મંદિરમાં એક માતા હતાં, ખરું? ગિજુભાઈ? અમે તો ત્યાં બેસીને ધ્યાન કર્યું હતું અને પ્રાર્થના કરી હતી."

બદ્રીનાથ કહે: "ધ્યાન ત્યાં સારું થતું હતું. જરા પણ ગડબડ નહિ."

ગિજુભાઈ કહે: "પણ તારાબેન! આ

લોકોએ કાંઈ નાસ્તો કર્યો કે? આ મોટાંઓએ તો એકએક ડોડો ખાધો છે. બીજા થોડાએક આ નાનાં માટે આણ્યા છે."

જસુમતી કહે: "તે અમે ય નાસ્તો કર્યો. મંદિરમાં બેસી અમે શિંગમમરા ખાધા. અમે બાલમંદિરમાંથી સાથે લીધા હતા."

ગિજુભાઈ કહે: "વાહ, તો તો બહુ સારું. ચાલો ફોટોગ્રાફરની દુકાન જોઈ લઈએ."

: ૧૦ :

ત્યાંથી સૌ શાંતિલાલની દુકાને આવ્યાં.

શાંતિલાલ કહે: "ઓહો! તમે ક્યાંથી? આવો આવો. એ છોકરાંઓ! જુઓ, અંદર શેતરંજી ઉપર બેસી જાઓ. પછી તમને બધું બતાવીશ. પાણીબાણી પીવું છે?"

તારાબેન કહે: "હા હા, સૌને જરા પાણી પાઓ."

શાંતિલાલ કહે: "ગિજુભાઈ! સૌનો આજે તો ફોટો લઈએ. જોગાનજોગ આજે

જોગાનજોગ=તક મળી જવાથી

સૌ ભેગાં થઈ ગયાં છો. લઈ લઈએ."

ગિજુભાઈ: "જેને ફોટો પડાવવો હોય એ હાથ ઊંચા કરે."

વસંતબેન કહે: "અમારે પડાવવો છે."

ઈંદુમતી કહે: "અમારે ય તે."

શારદા કહે: "હું ય પડાવીશ."

જસુમતી કહે: "ગિજુભાઈ, ગિજુભાઈ! મારે ય તે."

શાંતિલાલ કહે: "જુઓ; બધાં આમ આવો. હું બેસાડું તેમ બેસી જાઓ. પછી તમારો ફોટો પડશે."

તારાબેન કહે: "ટીકુ! પહેલાં તું ફોટો પડાવી લે. પછી શાંતિલાલભાઈ ફોટો કેમ પડાય છે તે કહેશે."

શાંતિલાલ કહે: "જુઓ ટીકુબેન! આમ બેસો. પછી હું તમને બધું બતાવીશ. જુઓ હું એક, બે ને ત્રણ બોલું ત્યારે મારા સામે જોજો. કોઈ હલશોચલશો નહિ, હો!"

"ચાલો; તૈયાર! એક, બે, ત્રણ! ખલાસ."

ટીકુ કહે: "શાંતિલાલભાઈ! કહો જોઈએ, ફોટો કેમ પડતો હશે?"

પછી શાંતિલાલે છોકરાંઓને ફરતાં બેસારી ફોટો કેમ પડે છે તે કહ્યું; પછી કાચ ધોવાનો ઓરડો બતાવ્યો; પછી ફોટો કાચ પરથી કાગળ ઉપર કેમ લેવાય તે પણ બતાવ્યું.

ગિજુભાઈ કહે: "કાં મોંઘીબેન! કેટલા વાગ્યા છે? હવે બાલમંદિર પાછાં ઊપડશું કે બીજે જવાનો વખત છે?"

મોંઘીબેન કહે: "વખત તો છે. હજી તો ત્રણ જ થયા છે."

તારાબેન કહે: "આપણે આટલે સુધી આવ્યાં છીએ તે ચાલો ને ભીખાભાઈનું છાપખાનું બતાવીએ? આટલામાં જ ક્યાંઈક છે ને?"

ગિજુભાઈ કહે: "અહીં પાસે જ છે; ઠીક સંભાર્યું. ચાલો, તૈયાર. બંને મંડળીને હવે ભેગી કરી નાખીએ છીએ. તારાબેન! તમારી મંડળીમાં કેટલાં છે?"

તારાબેન કહે: "બાર."

"વારુ; અમારામાં ચૌદ છે. છવ્વીશની સૌ ગણતરી રાખજો."

:૧૧:

ભીખાભાઈ ગાદી ઉપર બેઠા હતા. ચશ્માં ચડાવીને વાંચતા હતા.

ભીખાભાઈ કહે: "આવો આવો, તારાબેન, મોંઘીબેન, ગિજુભાઈ! આવો."

ગિજુભાઈ કહે: "ભીખાભાઈ! આ તમારું છાપખાનું જોવા આવ્યાં છીએ, બધાં બાળકોને લઈને."

ભીખાભાઈ કહે: "બહુ સારું થયું."

ગિજુભાઈ કહે: "મળચંદભાઈ ક્યાં છે?"

ભીખાભાઈ કહે: "મૂળચંદભાઈ! આ ગિજુભાઈ ને સૌ બાળકો આવ્યાં છે, આપણું છાપખાનું જોવા માટે."

છાપખાનું ચાલતું હતું. ભીખાભાઈ પોતે આવ્યા ને બધું કામ બતાવ્યું:

ભીખાભાઈ કહે: "જુઓ, આ બાળવાર્તા

ને બીજી ચોપડીઓ છપાય છે તે અહીં. પહેલાં છે તે આ બીબાં લઈને ગોઠવે. જુઓ આ ક છે; આ ચ છે. જુઓ, હાથમાં લઈને."

ભીખાભાઈએ સૌને એકએક બીબું જોવા આપ્યું. કોઈ કહે: "આ તો અવળું છે!"

ભીખાભાઈ કહે: "આ તો અવળું હોય તેનું સવળું છપાય. ચાલો, હવે ગોઠવાયેલાં બીબાં કેવાં દેખાય છે તે બતાવું."

પછી ગોઠવેલ અક્ષરો ભીખાભાઈએ બતાવી ને તેની ઉપર કાગળ મૂકી સૌની નજરે પ્રૂફની નકલ કઢાવી આપી.

ભીખાભાઈ કહે: "જુઓ, આ લાંબા કાગળ ઉપર છપાયું."

જશીબેન કહે: "આ તો ગોપાળકાકા રોજ જુએ છે તે પ્રૂફ!"

બબુ કહે: "મેં પણ પ્રૂફ જોયાં છે."

બાળી કહે: "મેં પણ જોયાં છે."

ભીખાભાઈ કહે: "તો જુઓ જોઈએ, તમારાથી એ પ્રૂફ વંચાય છે?"

મુક્તા અને જશી, અશોકરાય ને અમૃતલાલ વાંચવા માંડ્યાં.

પછી ભીખાભાઈએ છપાતું હતું ત્યાં સૌને ઉપાડ્યાં ને કેવી રીતે ચોપડી છપાય છે તે સમજાવ્યું.

ભીખાભાઈ કહે: "એક વાર બીબાં ગોઠવ્યા પછી જેટલી ચોપડી છાપવી હોય એટલી વાર કાગળ મૂકવો ને સંચો ફેરવવો એટલે છપાઈ જાય."

ચંદ્રાબેન કહે: "લીલુબેન! આ તો બહુ સહેલું. ઘડીકમાં તો કેટલાંયે પાનાં છપાય!"

પછી ચોપડી કાપવાનો સંચો બતાવ્યો ને છેવટે ચોપડી કેમ બંધાય છે એ પણ બતાવ્યું.

મોટાં બાળકોને સારો રસ પડ્યો પણ નાનાં બાળકો તો કંટાળી ગયાં. એમને તો મોચી ને ઘાંચી ને એવું એવું જોવાની ભારે મજા પડેલી.

મોંઘીબેન કહે: "ગિજુભાઈ! આ નાનાં બાળકોને તો બધું નવું નવું લાગે છે. સુખ-

ડિયા ગાંઠિયા કેમ વણે છે તે પણ જોવા ઊભાં રહેલાં; ને દરજીનો સંચો કેમ ચાલે છે તે જોતાં તો ધરાતાં જ નહોતાં; જોયા જ કરે, જોયા જ કરે!"

: ૧૨ :

ગિજુભાઈ કહે: "આ દાણાપીઠ છે, તો ચાલો ને બાળકોને એકાદ દાણાની મોટી એવી વખાર ને દુકાન બતાવીએ? એનો પણ બાળકોને જરા ખ્યાલ આવે."

ચાલો, રાયચંદભાઈની દુકાને જઈએ."

હસીને રાયચંદભાઈ કહે:-"કાં, આજ તો બાલમંદિર નીકળ્યું છે!"

ગિજુભાઈ કહે: "તે તમારી દુકાને જ આવે છે. અનાજની દુકાન ને વખાર જોવા."

રાયચંદભાઈ કહે: "તે આવો ને, ઘણી ખુશીથી. આ દુકાન ક્યાં પારકી છે?"

સૌ દુકાન ઉપર ચડી ગયાં.

વખાર=કોઠાર; સંઘરી રાખવાની જગ્યા

રાયચંદભાઈ કહે: "ચાલો ત્યારે અંદર. અંદર ગુણો ભરેલી છે."

રાયચંદભાઈએ હાથમાં બંબી લીધી ને સૌ તેની પાછળ ગયાં.

સબ કરતી ગુણમાં બંબી મારીને રાયચંદભાઈ કહે: "જુઓ, આ ચોખાની ગુણ છે." પછી ઘઉંની ગુણમાં બંબી મારી ઘઉં બતાવ્યા.

સુમતિબેન કહે: "આ ગુણમાં શું હશે?"

રાયચંદભાઈ કહે: "એમાં મગ છે."

સુશીલા કહે: "ત્યારે બતાવો જોઈએ?"

રાયચંદભાઈએ બંબી મારીને મગ પણ કાઢી બતાવ્યા.

જસુમતી કહે: "એ અમને દેખાતું નથી. અમને બતાવો ને?"

નાની મંડળીને અંદર લાવીને ગિજુભાઈએ કહ્યું: "જુઓ, આપણે ખાઈએ છીએ ના-ઘઉં, દાળ, ચોખા, મગ, ચણા, વાલ-એ બધું આવી દુકાનમાંથી આવે છે."

જસુમતી ધ્યાનથી સાંભળતાં હતાં; ને ડોકું ધુણાવતાં હતાં.

ગિજુભાઈ કહે: "તમારા બાપા બજારમાં આવે ને પછી દુકાનેથી ઘઉં ને દાળ ને મગ ને ચોખા ખરીદી લાવે."

જસુમતી કહે: "હા હા, અમારા બાપા લાવે છે."

હલીમા કહે: "અમારા બાપા ય તે."

શારદા કહે: "અમારા બાપા ય તે."

ગિજુભાઈ કહે: "એ સૌના બાપા, હો! મારા બાપા ય તે."

ટીકુ કહે: "તમારા બાપા ક્યાં છે?"

બાબી કહે: "એ તો હતા, પણ પછી મરી ગયા."

તારાબેન કહે: "હવે આપણે જઈએ; ચાર વાગી ગયા છે."

ગિજુભાઈ કહે: "હા, બસ હવે ઘેર-ભેગાં થઈ જઈએ."

સૌ મોટા ચોકમાં આવ્યાં ને ગાડીઓ ભાડે કરી લીધી. બધાં બાળકોને ગાડીમાં ઘેર મોકલી દીધાં ને મોટાંઓ ચાલતાં ચાલતાં બાલમંદિર આવ્યાં.

# શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

## ૮૦ પુસ્તકો

### સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

છૂટક નકલના દરેકના ૦-૪-૦

*


૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભું હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળકોનો બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડાંમાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો અને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ

૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો–૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજીભાઈ પડી ગયા !
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને–
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાળ્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળકોનો બીરબલ–૨
૫૪ છોટાં રે'જો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનનો પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ બળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓતરાતી દીવાલો–૧
૬૨ ઓતરાતી દીવાલો–૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત–મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા ને સોરઠા
૭૫ વિનોદટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# દરેક ઘરમાં હોવાં જ જોઈએ

## શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરનાં પ્રકાશનો

### બાળકો તેમ જ કિશોરો માટેનાં

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બાલસાહિત્યમાળા • ૮૦ પુસ્તકો | | આખા સેટના | ૨૦–૦–૦ |
| ૨ | બાલસાહિત્યગુચ્છ • ૨૫ પુસ્તકો | | ,, | ૭–૮–૦ |
| ૩ | બાલસાહિત્ય વાટિકા • ૩૫ પુસ્તકો | | • દરેક પુસ્તકના | ૧–૦–૦ |
| ૪ | બાળવાર્તાઓ ભા. ૧–૫ | • શ્રી ગિજુભાઈ | ,, | ૧–૦–૦ |
| ૫ | કિશોરકથાઓ ભા. ૧–૨ | ,, | ,, | ૧–૦–૦ |
| ૬ | રખડુ ટોળી ખંડ ૧–૨ | ,, | ,, | ૦-૧૨-૦ |
| ૭ | બાળ લોકગીત સંગ્રહ ભા. ૧-૨ | ,, | ,, | ૦–૬–૦ |
| ૮ | ધર્માત્માઓનાં ચરિતો | ,, | | ૧–૮–૦ |
| ૯ | ઇસપનાં પાત્રો : ગધેડાં | ,, | | ૦–૮–૦ |
| ૧૦ | મહાભારતનાં પાત્રો ૧–૧૩ | • શ્રી નાનાભાઈ | • સેટના | ૧૨–૮–૦ |
| ૧૧ | રામાયણનાં પાત્રો ૧–૬ | ,, | ,, | ૭–૮–૦ |
| ૧૨ | આખ્યાયિકાઓ ખંડ ૧–૨ | ,, | દરેકના | ૧–૮–૦ |
| ૧૩ | શ્રીમદ્ લોકભાગવત | ,, | | ૫–૮–૦ |
| ૧૪ | ભાગવત કથાઓ | ,, | | ૧–૮–૦ |
| ૧૫ | બાલરામાયણ | શ્રી મોંઘીબેન | | ૧–૮–૦ |
| ૧૬ | ભગવાન બુદ્ધ | શ્રી ગિજુભાઈ | | ૦–૬–૦ |
| ૧૭ | સો કેનાં પરાક્રમો | શ્રી રમેશ ગૌતમ | | ૦–૫–૦ |
| ૧૮ | ટારઝન ભાગ ૧–૧૦ | શ્રી શંકર શાહ | • દરેકના | ૦-૧૨-૦ |
| ૧૯ | રંગરેખા (ચિત્રસંગ્રહ-બે ભાગ) | શ્રી સોમાલાલ શાહ | | ૩–૦–૦ |
| ૨૦ | બાપુજીની અને બીજી વાતો | કપિલાબેન ઠાકોર | | ૦-૧૨-૦ |
| ૨૧ | પીળાં પલાશ (બાળનાટકો) | શ્રીધરાણી | | ૦–૮–૦ |

:મળવાનું મુખ્ય સ્થળ:

**આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨**

બુકસેલર્સ ઍન્ડ પબ્લિશર્સ : પ્રિન્સેસ સ્ટ્રીટ